સેક્ટર-૬ અપનાબજારની સામે છેલ્લા કેટલાક સમયથી ખાણી-પીણીની લારીઓએ દબાણ કર્યુ હતુ. લારીઓના દબાણ અંગે ફરીયાદો આવતા દબાણખાતાએ દબાણો દૂર કર્યા હતા. દબાણો દૂર કરાતા લારી-ગલ્લાધારકોએ દોડાદોડ કરી મુકી હતી.

હેડ ક્લાર્કનું પેપર ૮ થી ૧૨ લાખમાં વેચાયું : યુવરાજસિંહ

ગૌણ સેવા પસંદગી મંડળના પેપરલીક કાંડમાં અસિત વોરા પર પણ શંકા : નિયામક મંડળને તપાસથી દૂર રાખો : બે દિવસમાં સરકાર કાર્યવાહી નહીં કરે તો આંદોલન કરીશું : તપાસ માટે પોલીસની ૧૫ જેટલી ટીમો કાર્યરત : સાબરકાંઠાના ફાર્મ હાઉસમાં હાથોહાથ પેપર અપાયાં : યુવરાજ

ગાંધીનગર : તા.૧૫

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગત રવિવારે લેવાયેલી હેડક્લાર્ક માટે ૧૮૬ જગ્યાની ભરતી પ્રક્રિયાની લેખિત પરીક્ષાનું પ્રશ્નપત્ર ફૂટી ગયું હોવાનો અને પેપર દીઠ ૮ થી ૧૨ લાખ લેવાયા હોવાનો આક્ષેપ બિનસચિવાલય પરીક્ષા આંદોલનથી જાણીતા બનેલા અને પછી આમ આદમી પાર્ટીમાં જોડાયેલા યુવા આંદોલનકારી નેતા યુવરાજસિંહ જાડેજાએ કર્યો હતો. યુવરાજસિંહ જાડેજાએ એક ઓડિયો ક્લિપ જાહેર કરવા સાથે પેપલીક કાંડમાં ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન અસિત વોરા પર જ શંકાના દાયરામાં હોવાનો આક્ષેપ કર્યો હતો. આ સાથે તેમણે પેપર ફુટી ગયું હોવા બાબતે પુરાવા આપ્યા હોવાનો પણ ઘટસ્ફોટ કર્યો હતો. યુવરાજસિંહે આ કૌભાંડ બાબતે જો ગૃહ રાજયમંત્રી બે જ દિવસમાં કોઈ નિર્ણય નહીં લે તો પરીક્ષાર્થીઓ અને વાલીઓને ગાંધીનગર બોલાવી આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

આપ નેતા યુવરાજસિંહે જણાવ્યું હતું કે "હમીરગઢનો વ્યક્તિ પેપરલીકમાં સંડોવાયેલો છે અને જે બે ઉમેદવારોને પેપર અપાયું હતું તેના નામ ઉપરાંત અન્ય ઉમેદવારોને પેપર આપવા લાવવા-લઈ જવા માટે વોરાયેલી ચાર ગાડીઓના નંબર પણ અમે આપ્યાં છે. પેપરલીકના પુરાવા સૌપ્રથમ ગૌણ સેવા પસંદગી મંડળના પરમાર સાહેબને ફોન કરીને જાણ કરવા સાથે વોટ્સએપ ઉપર મોકલી આપ્યાં હતા ત્યારે હવે સરકારે સામે ચાલીને આ કેસમાં ફરિયાદી બનીને તપાસ હાથ ધરવી જોઈએ. તેઓ ધારે તો અમે રજૂ કરેલા તમામ પુરાવાને ક્રોસ વેરિફાઈ કરી શકે છે." આ ઉપરાંત ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી જો આ મુદ્દે બે દિવસમાં કાર્યવાહી શરૂ નહીં કરાવે તો આંદોલન કરવામાં આવશે તેવી યુવારાજસિંહે ચિમકી ઉચ્ચારી હતી.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગત તા.૧૨મી ડિસેમ્બરના રોજ હેડ ક્લાર્કની ૧૮૬ જગ્યા માટે પરીક્ષા યોજાઈ હતી, જેમાં ૨,૪૧,૪૦૦ જેટલા ઉમેદવારોએ અરજી કરી હતી. જોકે આ પૈકી અંદાજે ૮૮ હજાર જેટલાં ઉમેદવારોએ પરીક્ષા આપી હતી અને પસંદગી મંડળના દાવા મુજબ આ પરીક્ષાનું ૭૮૨ પરીક્ષા કેન્દ્રો પરથી સંપૂર્ણ પારદર્શી રીતે આયોજન કરાયું હતું.

પેપર લીક થયું હોવા બાબતે હજુ સુધી મંડળને હજુ સુધી કોઈ ફરિયાદ મળી નથી તેવું મંડળના ચેરમેન અસિત વોરાએ જણાવ્યું હતું તેમ છતાં પોલીસતંત્ર દ્વારા ૧૫થી ૧૬ ટીમ બનાવીને તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને તપાસ દરમિયાન કોઈ આધારભૂત પુરાવો મળશે તો ગેરરીતિ આચરનાર તત્ત્વો સામે કડકમાં કડક પગલાં લઈ ગુનેગારોને છોડવામાં આવશે નહીં તેવી માહિતી આપી હતી.

આપ નેતા યુવરાજસિંહના જણાવ્યા અનુસાર હિંમતનગર પાસેના ઊંછા ફાર્મ હાઉસમાં સાબરકાંઠાના ૧૬ ઉમેદવારની પાસેથી વ્યક્તિદીઠ ૧૨ લાખ રૂપિયા લઈ રાત્રે ૯ વાગ્યે હાથોહાથ પેપર આપવામાં આવ્યાં હતાં.

આ ઉપરાંત તેના જવાબો માટે પુસ્તકો પણ આપવામાં આવ્યાં હતા જેમાંથી કેટલાંક જવાબ ના મળતાં સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાના કેટલાંક તાલીમ નિષ્ણાંતોને બોલાવીને પ્રશ્નોને સોલ્વ કરાયાં હતા પેપર સોશિયલ મીડિયા મારફતે વડોદરા સહિત અન્ય શહેરોમાં મોકલાયા હતા. પરીક્ષાના સમયના બે કલાક પહેલાં જે ઉમેદવારોને પેપર અપાયાં હતા તેમને જવાબો પણ આપવામાં આવ્યાં હતા. આ બાબતે વડોદરાના ત્રણ તથા ભાવનગર, સુરેન્દ્રનગર અને કચ્છના એક-એક પરીક્ષાર્થીને આ જવાબો મળ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપ સાથે યુવારાજસિંહે મોબાઈલના સ્ક્રિનશોટ પુરાવારૂપે આપ્યાં હોવાનું જણાવ્યું હતું.

આપ પાર્ટીએ પસંદગી મંડળના ચેરમેનને આવેદનપત્ર આપ્યું

આજે આપ પાર્ટી દ્વારા પસંદગી મંડળના ચેરમેનને આપવામાં આવેલા આવેદન પત્રમાં "ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ સાથે ૧૦ થી ૧૫ લાખ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો જોડાયેલા છે ત્યારે આ પરીક્ષાઓમાં પારદર્શિતા જળવાય એ ખૂબ જ જરૂરી છે. હેડ ક્લાર્કની પરીક્ષામાં પણ અગાઉની માફક પેપર લીક થયું જે હિંમતનગરના એક ફાર્મ હાઉસમાં ૧૬ જેટલાં વિદ્યાર્થીઓ પાસે અને ત્યાંથી સોશિયલ મીડીયા દ્વારા ભાવનગર, વડોદરા,કચ્છ,વગેરે સ્થળો પરીક્ષાના બે કલાક અગાઉ પેપર પહોચ્યું હતું. પેપર લીક થવાની આ પરંપરા ગુજરાતના વિદ્યાર્થીઓ સાથે હળાહળ અન્યાય છે." જણાવતાં તપાસની માંગ કરી છે. આ પ્રસંગે પ્રદેશ સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલ અને પ્રદેશ મંત્રી મુકેશ પટેલ સહિત અગ્રણી હોદ્દેદારો જોડાયાં હતાં.

ગાંધીનગર મહાનગરપાલિકામાં સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૨નો પ્રારંભ

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૨ અંતર્ગત બાળકો, યુવાઓ અને વડિલોને જોડવા માટે ડ્રોઇંગ, મુવી અને જીંગલ મેકિંગ, સ્ટ્રીટ પ્લે કોમ્પિટીશન તેમજ ચિત્ર, ચલચિત્ર, શેરી નાટક સહિતની સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ દ્વારા ભારતભરના શહેરોનો સફાઇ, સેનિટેશન, જાહેર શૌચાલય, વ્યક્તિગત શૌચાલય, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, સહિતની બાબતોને આવરી લઇ દર વર્ષે જાન્યુઆરી માસમાં સર્વે કરી ક્રમાંક આપવામાં આવતો હોય છે.

ગાંધીનગર મહાનગર પાલિકાએ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૧માં ૧.૧૦ લાખની વસ્તી ધરાવતાં શહેરોમાં રાષ્ટ્રીયકક્ષાએ ૬મો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. વધુમાં સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૧માં ગાંધીનગર મહાનગરપાલિકાને **"India's Cleanest Capital"** માટે એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

આ વર્ષે પણ ગાંધીનગર મહાનગરપાલિકા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૨માં ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરે તે માટે "સ્વચ્છ ગાંધીનગ"ના સુત્ર સાથે મહાનગરપાલિકા દ્વારા સમગ્ર મહાનગરપાલિકા વિસ્તારના બાળકો, યુવાઓ, વડિલો અને સંસ્થાઓને જોડવા માટે પોસ્ટર, ડ્રોઇંગ, મુવી મેકિંગ, જીંગલ મેકિંગ અને સ્ટ્રીટ પ્લે કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું છે. "સ્વચ્છ સ્પર્ધા"ના નામથી યોજાનારી આ સ્પર્ધાના આયોજન પાછળનો મુખ્ય હેતુ અત્યંત મહત્વના સ્વચ્છતાના મુદ્દે વધુ લોક જાગૃત્તિ કેળવવાનો છે. સાથે જ લોકોની સ્વચ્છતા સંબંધિ આદતોમાં સુધારો લાવવાનો આ પ્રકારે પ્રયાસ કરાશે અને પ્લાસ્ટિક મુક્ત શહેરના નારાને પણ બુલંદ કરાશે.

નાયબ મ્યુનિસિપલ કમિશનર પી.સી. દવેએ જણાવ્યું કે સ્વચ્છતાના વિવિધ વિષયને આવરી લેતી આ સ્પર્ધાના આયોજન થકી નગરવાસીઓને જોડીને સફાઈની મહત્તાને ઉજાગર કરવાની સાથે લોકોમાં વધુ જાગૃત્તિ કેળવવામાં આવશે. આગામી તારીખ ૨૫ મી ડિસેમ્બર સુધી તેના માટે ઓનલાઈન અરજીઓ **https://forms.gle/4RFugTGb223dsVBR8** પર સ્વીકારવામાં આવશે. વિજેતાઓને રોકડ પુરસ્કાર તથા આશ્વાસન ઈનામ આપવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

લગ્નગાળામાં ગાંધીનગર એસ.ટી. ડેપોને ૨.૬૩ લાખની આવક થઇ

ગાંધીનગર ડેપોમાં લગ્નસિઝન દરમિયાન ૪૯ લગ્નવર્ધીનુ બુકીંગ આવ્યુ : ડેપોએ તહેવારોની સાથે આ વર્ષે લગ્નવર્ધિમાં પણ તગડી આવક મેળવી

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર એસ ટી ડેપોને લગ્નસરાની સિઝન ફળી છે. ગત સિઝન દરમિયાન પણ એસ ટી ડેપોએ તગડી આવક કરી હતી જયારે આ વર્ષે પણ નવેમ્બર ડિસેમ્બર મહીનામાં લગ્નના મુહુર્તોના દિવસોમાં એસ ટી ડેપોએ લગ્ન વર્ધિમાં વિશેષ બસ સેવા પુરી પાડી છે. જેમાં સરકારની યોજના મુજબ લગ્નવર્ધિ માટે પણ વિશેષ લાભ આપવામાં આવતો હોવાથી મહત્તમ જાનૈયાઓએ સલામત સવારી પર પસંદગી ઉતારી છે. છેલ્લા એક મહીનાના ટુંકા સમય ગાળામાં એસ ટી ડેપોએ લગ્નવર્ધિ અન્વયે ૨.૬૩ લાખની આવક કરી છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા મુખ્યરીતે શહેરી બસ સેવા અન્વયે બસો દોડાવામાં આવે છે જેમાં પ્રતિદિન અંદાજિત ૯૦ જેટલી બસો દોડાવામાં આવી રહી છે. જયારે ગાંધીનગર ડેપોને અંદાજિત ૨૦૦ થી વધુ ટ્રીપોના સંચાલન બદલ રૂ ૫.૫૦ લાખની આવક પણ થાય છે. આ ઉપરાંત ગાંધીનગર એસ ટી ડેપો કક્ષાએથી ચુંટણીની કામગીરી તેમજ સરકારી કાર્યક્રમો સહીત ધાર્મિક આયોજનો અને તહેવારોના દિવસોમાં પણ વધારાની બસોનુ સંચાલન કરવામાં આવે છે. જેને અનુલક્ષીને પણ ડેપોને વધારાની આવક મળે છે. અગાઉ બે વર્ષ દરમિયાન કોવિડના કહેર વચ્ચે એસ ટી બસના પૈડા ટ્રેક પરથી ઉતરી જતા મંદ ગતિએ ચાલતી સલામત સવારીની આવક પણ નહીંવત રહી ગઈ હતી જો કે છેલ્લા ૬ મહીનાથી એસ ટી બસ સેવા ટ્રેક પર દોડતી થઈ ગઈ છે. જેના લીધે ધીમે ધીમે એસ ટી ની આવકમાં પણ વધારો થયો છે. ગાંધીનગર એસ ટી ડેપોએ અગાઉ સાતમ આઠમ તેમજ દિવાળીના તહેવારોના દિવસોમાં પણ વધારાની બસોનુ સંચાલન કરીને આવક મેળવી હતી જયારે નવેમ્બર અને ડિસેમ્બર મહીનામાં ચાલી રહેલા લગ્નગાળામાં પણ ડેપોએ લગ્નવર્ધિ માટે વધુ બસો ફાળવી તગડી આવક કરી છે. આ દરમિયાન ડિસેમ્બરમાં અત્યાર સુધી ગાંધીનગર ડેપોએ કુલ ૪૯ બસો લગ્નવર્ધિ માટે દોડાવી હતી જે અન્વયે ડેપોને રૂ ૨.૬૩ લાખની આવક પ્રાપ્ત થઈ છે. જયારે સરકારી યોજના અન્વયે પણ લગ્નમહોત્સવના આયોજન માટે નાગરિકો હવે એસ ટી બસ સેવાનો લાભ લેવાનુ પસંદ કરી રહ્યા છે. જેમાં નિયત કીલોમીટર મુજબ મર્યાદિરત ભાડુ વસુલવામાં આવી રહ્યુ હોવાથી લગ્ન વર્ધિ માટે સલામત સવારી સલામત હોવાની સાથે સસ્તી પણ પુરવાર થાય છે.

ફૂડ અને એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં નિકાસમાં આંતરરાષ્ટ્રીય માપદંડો પ્રમાણેના ખેત ઉત્પાદન કરી નવા બજારમાં ઘૂસવું પડશે

ગુજરાતમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં બટાકાનું મહત્તમ ઉત્પાદન થાય છે : સમગ્ર દેશમાં ગુજરાતમાં બટાકાનું ૩૦ ટકા પ્રોસેસિંગ થાય છે

ગાંધીનગર, તા. ૧૫

આણંદ કૃષિ યુનિવર્સિટીમાં વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૨ના ભાગરૂપે યોજાયેલ એગ્રી પ્રિ-ઈવેન્ટ એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ સમિટના બીજા દિવસે એગ્રો પ્રોસેસિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટર્કચર ચેલેન્જ એન્ડ પ્રોટેન્સિયલ વિષયક જ્ઞાન સત્રમાં વિવિધ નિષ્ણાતોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આ સેમિનારમાં એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (અપેડા)ના નિર્દેશક તરૂણ બજાજે મહત્વપૂર્ણ જાણકારી આપતા કહ્યું કે પાછલા વર્ષોમાં કોરોના હોવા છતાં સરકારે ફૂડ અને એગ્રો ઈન્ડસ્ટ્રીઝને કોઈ પ્રોબ્લેમ આવા દીધો નથી. જરૂર પડી ત્યાં ખાસ ટ્રેન ચલાવવામાં આવી હતી અને લોજીસ્ટીક માટે વિમાનોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગયા વર્ષે આ ઉદ્યોગ ૨૯ ટકાના દરથી વૃદ્ધિ પામ્યો હતો. આપણા દેશમાં ફૂડ એન્ડ એગ્રો ક્ષેત્રમાં રોકાણ માટે વિપુલ શક્યતા રહેલી છે.

ફૂડ એન્ડ એગ્રો સેકટરનું નિકાસમાં યોગદાન જોઈએ તો તેમાં ભારત નવમું સ્થાન ધરાવે છે. જ્યારે આયાત કરવામાં ૧૨ મુ સ્થાન છે. સમગ્ર વિશ્વમાં કુલ નિકાસમાં ભારતની હિસ્સેદારી ૨.૧ ટકા છે. એ જ પ્રકારે આયાતમાં ૧.૧ ભાગીદારી છે. નિકાસ વધારવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલાક મહત્વપૂર્ણ કદમ લેવામાં આવી રહ્યા છે. નવા માર્કેટ સાથે જોડાણ કરવા પ્રયાસો ચાલી રહ્યા છે.

તેમને એવું પણ કહ્યું કે હાલમાં ખેડૂતને જમીનના સાપેક્ષમાં ઉપજ ઓછી છે અને ખેત ઉત્પાદનોની પડતર ઉંચી આવે છે. આ માટે જમીનનો મહત્તમ ઉપયોગ કરીને ટેકનોલોજીના સમન્વયથી આ સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. હવે નિકાસની માંગ હોય એવા ફળો અને શાકભાજીની વિવિધતા વધારવાની જરૂરત છે. આપણે યુરોપીયન યુનિયનના માપદંડો પ્રમાણેના ખેત ઉત્પાદન કરવા પડશે. માર્કેટ ઍસેસ વધારવી પડશે. ભારતમાં આ ક્ષેત્ર માટે વિકાસનું એકદમ અનુકૂળ વાતાવરણ છે.

તેની સાથે સમયસર અને સુલભ લોજીસ્ટીક સપોર્ટ ઉપલબ્ધ થાય એ જરૂરી છે. મુખ્ય બજારમાં ઘૂસવા માટે આરોગ્યપ્રદ ખેત ઉત્પાદન કરવા પડશે અને હાનિકારક દવાનો ઉપયોગ ઘટાડવો જરૂરી છે. જેમ કે ભારતીય કેરી અને દ્રાક્ષ માટે વધારે આંતરરાષ્ટ્રીય બજારમાં મળતા દરિયાઈ માર્ગ અને બીજા લોજીસ્ટીક ઉભા થતાં તેની નિકાસ વધી છે.

ભારત સરકારના ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝના ખાસ સચિવ મનોજ જોષીએ જણાવ્યું કે ફળ અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ગુજરાતમાં વ્યાપક શક્યતાઓ રહેલી છે.

ગુજરાતમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં બટાકાનું મહત્તમ ઉત્પાદન થાય છે. સમગ્ર દેશમાં ગુજરાતમાં બટાકાનું ૩૦ ટકા પ્રોસેસિંગ થાય છે. ગુજરાતે ખેડૂતોના સહયોગથી બટાકાના પ્રોસેસિંગ માટે આધુનિક પ્લાન્ટ ઉભા કર્યા છે.

મહાત્મા મંદિર નજીક ડમ્પર ઉંધુ પડી ગયુ

મહાત્મા મંદિર નજીક ગ-રોડ પર અન્ડરબ્રીજ બનાવવાની કામગીરી ચાલુ છે. આ કામગીરીમાં જોતરાયેલું ડમ્પર ઉંધુ પડી ગયુ હતુ. રાત્રીના સમયે માટી નીકાળવાની કામગીરી દરમ્યાન બનેલા આ બનાવના કારણે થોડાક સમય માટે મજૂરોમાં ભયનો માહોલ ફેલાયો હતો. જો કે સદ્નસીબે કોઈ જાનહાની ન થતા સૌએ હાશકારો અનુભવ્યો હતો.